ગુજરાતમિત્ર
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
આસપાસ ચોપાસ
મંગળવાર ૨૧ જુલાઈ, ૨૦૨૬

## આદિવાસી, મુસ્લિમ અને જૈન સમાજના લોકો વર્ષોથી હળીમળીને રહે છે, આ નાનકડા ગામની સામાજિક ઓળખ અન્ય ગામો માટે એક દીવાદાંડી સમાન છે

# સાગબારાથી માત્ર 5 કિલોમીટરના અંતરે આવેલું અને સામાજિક એકતા ધરાવતું ગામ

# પાટ

ટાઉન ટોક



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં વસેલું પાટ ગામ ભલે ભૌગોલિક રીતે નાનકડું હોય, પરંતુ તેની સામાજિક ઓળખ અને પરંપરાઓ તેને એક અલગ વિશિષ્ટતા આપે છે. જિલ્લા મથક રાજપીપળાથી 78 કિલોમીટર અને તાલુકા મથક સાગબારાથી માત્ર 5 કિલોમીટરના અંતરે આવેલું આ ગામ આદિવાસી, મુસ્લિમ અને જૈન સમાજના લોકોના સહજીવનનું પ્રતીક છે. આ ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે, અહીં છેલ્લા આઠ-નવ દાયકાથી દેશી દારૂ બનાવતા નથી. પાટ ગામે આ બાબતે એક ઉદાહરણરૂપ ભૂમિકા ભજવી છે. ગામના એક 65 વર્ષીય અગ્રણીએ કહ્યું હતું કે, તેમના જીવનકાળમાં તેમણે ગામમાં ક્યારેય કોઈને દેશી દારૂ ગાળતા જોયા નથી. એટલું જ નહીં એક ઉચ્ચ અધિકારીએ આ અંગે પૂછપરછ કરતાં કહેવામાં આવ્યું કે, મારા પાટ ગામમાં દીવો લઈને દારૂ ગાળનારાને શોધવા જાવ તો નહીં મળે. આ ગામે શૌચમુક્ત ગામ (ઓપન ડિફેકેશન ફ્રી)નો દરજ્જો મેળવી નર્મદા જિલ્લામાં એક અલગ ઓળખ ઊભી કરી છે. સ્વચ્છતાના આ માપદંડે ગામની સંસ્કારિતાને વધુ નિખારી છે. ઉલ્લેખનીય છે કે આ ગામની સરપંચ પદની જવાબદારી મહિલાઓના હાથમાં છે, જે ગ્રામીણ વિકાસમાં મહિલા સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડે છે. પાટ ગામના આદિવાસીઓ મૂળ ઉમરપાડા તાલુકાના જુમાવાડી ગામના રહેવાસી હતા. આ સ્થળ આદિવાસી બહુલ વિસ્તાર છે અને કૃષિ તેમજ પશુપાલન પર નિર્ભર હતું. સદીઓ પહેલાં જુમાવાડી ગામમાં ભારે દુષ્કાળ પડ્યો. વરસાદ ઓછો પડે અને પાણીના સ્ત્રોત સુકાઈ જાય, ત્યારે સમુદાયને સ્થળાંતર કરવાની ફરજ પડતી હતી. તેઓ પાણીની શોધમાં સાતપુડાના ગાઢ જંગલ વિસ્તારમાં ભટકતા હતા. ભટકતાં ભટકતાં તેઓ ડોમન નદીના કાંઠે પહોંચ્યા, જ્યાં પુષ્કળ પાણી જોઈ તેમણે વસવાટ કરવાનો નિર્ણય લીધો હતો. લોકવાયકા પ્રમાણે ડોમન નદીમાં વિશાળ પથ્થરો આવેલા છે, જેમાં ઘણી જગ્યાએ ઘણા પથ્થરોમાં (સપાટ) એક પાટ જોવા મળ્યો એટલે સ્થાનિકોએ ગામનું નામ "પાટ" પાડી દીધું હતું....

### જવાબદારીથી પ્રેરિત, કર્મથી સિદ્ધ: સરપંચ સુગરીબેન વસાવાની કાર્યશૈલી





ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની મજબૂતી માટે સરપંચની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે. પાટ ગામનાં સરપંચ પદે 62 વર્ષીય સુગરીબેન શંકરભાઈ વસાવા વર્ષ 2022માં ચુંટાયાં હતાં. નલ સે જલ યોજના, શાળાઓમાં કમ્પાઉન્ડ અને પેવર બ્લોક-આ તમામ આરોગ્ય, શિક્ષણ અને ગતિશીલતાને જોડતા પ્રકલ્પો છે. તેમણે ગામને સર્વાંગી રીતે વિકસાવવાનો નિર્ધાર કર્યો છે. તેમના 65 વર્ષીય પતિ શંકરભાઈએ કોરોનાકાળ દરમિયાન સક્રિય રહી સમુદાયસેવા કરી. તેમનો સૌથી નોંધપાત્ર દાખલો છે કે ગામમાં દારૂની ભઠ્ઠી ન જોઈ નથી. એ સામાજિક સુધારણા તરફની તેમની દૂરંદેશી દર્શાવે છે.

પાટ ગામે ડોમન નદી



### "સદીના સાક્ષીથી સહકારના સૂર્ય સુધી: જેઠાભાઈ વસાવાની 106 વર્ષની અવિશ્રાંત કર્મયાત્રા"



વ્યક્તિનું સાચું મૂલ્ય તેના સંઘર્ષ, સેવા અને સતત કર્મશીલતાથી મપાય છે. આ કસોટી પર ખરા ઊતરનારા વ્યક્તિત્વોમાં પાટ ગામના જેઠાભાઈ ચાંદરિયાભાઈ વસાવા (ઉંમર 106 વર્ષ) અનન્ય સ્થાન ધરાવે છે. નર્મદા અને ભરૂચ જિલ્લાના શિક્ષણ-સહકાર વર્તુળોમાં 'જેઠાકાકા' તરીકે હુલામણા નામે ઓળખાતા એવા આ સદીવીરે 1921થી 2026 સુધીની એક સદી કરતાં વધુ લાંબી યાત્રામાં ન તો ક્યારેય સેવામાંથી નિવૃત્તિ લીધી, ન તો ક્યારેય પોતાના પગ લથડવા દીધા.આવું અનોખું વ્યક્તિત્વ પાટ ગામની ભૂમિ પર છે. જેઠાભાઈનો જન્મ 1921માં પાટ ગામે થયો - એ સમયે ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું, અને ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સુવિધાઓનું અત્યંત દુર્લભત્વ હતું. તેમના પિતા ચાંદરિયાભાઈ દશરીયાભાઈ વસાવા અને માતા સોનુબેન વસાવાનાં સામાન્ય પરિવાર હતો. એ સમયે આદિવાસી પરિવારોમાં શિક્ષણનો દર 2-3 ટકા કરતાં વધારે નહોતો. જેઠાભાઈએ પાટની ખાનગી શાળામાં માત્ર એક વર્ષ અભ્યાસ કર્યો. આર્થિક અસમર્થતાને કારણે તેમણે આગળ ભણવાનું છોડી દીધું, પરંતુ તેમણે કુદરત, મહેનત અને સંઘર્ષને પોતાના ગુરુ બનાવ્યા. એ જમાનામાં પાટ ગામમાં ન તો પાણીની સોસાયટી હતી, ન વીજળી, ન ડોક્ટર. લોકો ઘરની દાળ-ભાત અને શાકભાજી પર જીવતા હતા. આ મૂળભૂત સંજોગોમાં જેઠાભાઈનું બાળપણ વિત્યું.જન્મથી જ ગરીબી, શિક્ષણનો અભાવ અને મૂળભૂત સુવિધાઓનો વિરલત્વ - આ ત્રણેય પરિબળો તેમના જીવનને સમાજસેવા તરફ વાળવા માટે જવાબદાર બન્યાં. 20 વર્ષની ઉંમરે જેઠાભાઈના લગ્ન અંબાબેન વસાવા સાથે થયા. ગ્રામ્ય સમાજમાં સ્ત્રીઓ ભલે શિક્ષણથી વંચિત હતી, પણ અંબાબેન પતિવ્રતા, કાર્યક્ષમ અને સંયમી હતાં. તેમણે પરિવારની આર્થિક, ઘરેલું અને સામાજિક જવાબદારીઓ એવી નિષ્ઠાથી નિભાવી કે જેઠાભાઈ સમાજસેવા પર ધ્યાન આપી શક્યા. આ દંપતીને ચાર પુત્રો - સ્વ. અમરસિંહ વસાવા, ગંગારામભાઈ વસાવા, સુભાષભાઈ વસાવા અને મોતીરામભાઈ વસાવા - અને એક પુત્રી છે. આજે તેમના પુત્રો ખેતીનો પારિવારિક વ્યવસાય સાથે સંકળાયેલા છે. પાટ ગામની સરપંચ તરીકે જેઠાભાઈએ સતત 20 વર્ષ સુધી સતત સેવા આપી.તેમના વખતમાં પાટ ગામમાં દારૂ કોઈ બનાવતા ન હતા.આ સમયગાળો ગુજરાતના ગ્રામીણ વિકાસ માટે મહત્વપૂર્ણ હતો, કારણ કે સ્વતંત્રતા બાદ પંચાયતી રાજની શરૂઆત થઈ હતી. તેમણે પોતાના ગામ માટે જે નીતિઓ અમલમાં મૂકી તે આજે પણ સુસંગત છે.ગામમાં પશુપાલન અને ખેતીને જોડીને દરેક ઘરની આવક વધારવાની પહેલ કરી,સરપંચ પદે રહીને તેમણે ક્યારેય 'અહમ્' ન બતાવ્યો, પણ ગામલોકો માટે 'પિતાતુલ્ય' વ્યક્તિત્વ બની રહ્યા. આ તેમની નમ્રતા, ન્યાયપ્રિયતા અને સાંભળવાની કળાનો પરિણામ હતો. આજે પણ પાટ ગામના ગ્રામજનો જેઠાકાકા માટે માન-સન્માન રાખતા હોય છે. જ્યારે જેઠાકાકાનો સંપર્ક નરવાડી ગામના સ્વ.મદનભાઈ નીમજીભાઈ પટેલ સાથે થયો, ત્યારે બંનેને એક વાતનું દુઃખ હતું - સાગબારા તાલુકામાં એક પણ માધ્યમિક શાળા નહોતી. ગરીબી અને અજ્ઞાનતાનું વાતાવરણ હતું.1965માં બંને સ્થાપકોએ સાગબારા કેળવણી મંડળની નોંધણી કરાવી અને જે.કે. હાઈસ્કૂલનો પાયો નાખ્યો.શરૂઆતમાં વાંસની કામળી (ઝૂંપડી) હેઠળ વિદ્યાર્થીઓ બેસતા. રાજવી રામસિંહ ઠાકોરએ જમીન દાનમાં આપી, પણ મકાન માટે સાધનો નહોતા. જેઠાકાકાએ દેવરૂપણ ગામથી જૂના કાચા મકાનના લાકડા પોતે બળદગાડામાં લાવીને પ્રથમ કાચું મકાન ઊભું કર્યું.શ્રીમતી નાનાબા નાલવાળાના જમીનદાનથી કન્યાઓ માટે છાત્રાલય શરૂ થયું. 34 વર્ષો સમયગાળા દરમિયાન તેમણે મંડળના મંત્રીપદે તમામ એકમોને નવી ઈમારતો, કમ્પાઉન્ડ વોલ, પાણીની ટાંકીઓ અને સ્ટાફ સુવિધાઓ ઉભી કરી. ત્યારબાદ 2016માં તેમણે મંત્રીપદ પુત્ર સુભાષભાઈ વસવાને સોંપ્યું, અને ભવરીસાવર આશ્રમશાળાને સાગબારા ખાતે બે માળનું RCC બિલ્ડિંગ બનાવ્યું જેઠાકાકાનું સહકાર ક્ષેત્રે પાટ ગામની ખેડૂત મંડળી,દૂધ મંડળીની સ્થાપનામાં તેઓ મુખ્ય ફાળો રહ્યો છે.અને આજે પણ પ્રમુખપદે સેવા આપી રહ્યા છે.સાગબારા તાલુકા ખરીદ-વેચાણ સંઘ-સેલંબામાં તેઓ 63 વર્ષ સુધી પ્રમુખ રહ્યા.ખેતીવાડી બજાર સમિતિ,જમીન વિકાસ બેંક,ભરૂચ જીલ્લા સહકારી સંઘ,ભરૂચ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓ બેંક,નેત્રંગ જીન જેવી અનેક સંસ્થામાં તેઓ ડીરેક્ટર અને ક્યાંક પ્રમુખપદે રહ્યા છે. આજે ફાસ્ટફૂડ, ડિજિટલ સ્ક્રીન, બેઠાડુ જીવન અને સ્ટ્રેસનો દૌર ચાલે છે, પણ 106 વર્ષના જેઠાકાકા આ દુષ્પ્રવાહોથી એકદમ દૂર છે.આજે પણ તેમી દિનચર્યા જાણવા જેવી છે. વહેલા સવારે 6 વાગ્યાના ટકોરે જાગીને માતા-પિતાના સ્મરણ કરીને મંદિરે જાય છે, સાદું સાત્વિક ભોજન લે છે,પોતાના ઘરનું દાળ-ભાત-રોટલી આધારિત ભોજન લે છે.અને આખો દિવસ શાળા, આશ્રમશાળા, ખેતર, છાત્રાલયની પગપાળા મુલાકાત લે છે. જેઠાકાકાની ઘટનાથી "જીવનની સૌથી મોટી ડિગ્રી એ 'સેવા' છે, સૌથી મોટી બેંક એ 'વિશ્વાસ' છે, સૌથી મોટી શાળા એ 'સંઘર્ષ' છે, અને સૌથી મોટી દવા એ 'સાદગી' છે."સાદગી" એ સૌથી ઊંચી સંપત્તિ છે.

### પાટ ગ્રામ પંચાયતના હોદ્દેદારો

- **સરપંચ -** સુગરીબેન શંકરભાઈ વસાવા
- **ડેપ્યુટી સરપંચ -** કિરણભાઈ રામદાસભાઈ વસાવા
- **સભ્યો-**પ્રેમીલાબેન નીલેશભાઈ વસાવા
- મેઘાબેન દિલીપભાઈ વસાવા
- સુરેશભાઈ આનંદભાઈ વસાવા
- આસ્માબેન મુસ્તાકભાઇ મકરાણી
- પ્રગતિબેન સુદામભાઈ વસાવા
- **તલાટી-**નૂતનબેન દેવાભાઈ પટેલ

### પાટ ગામનાં દર્શન

- **કુલ વસતી-**1499 (વર્ષ-2011)
- **પુરુષોની વસતી-**742
- **સ્ત્રીઓની વસતી-**757
- **ગામમાં કઈ જ્ઞાતિનો વસવાટ-**આદિવાસી, મુસ્લિમ અને જૈન
- **સાક્ષરતા કુલ દર-**77.53 ટકા
- **પુરુષોનો સાક્ષરતા દર-**89.14 ટકા
- **સ્ત્રીઓનો સાક્ષરતા દર-**66.01 ટકા
- **ગામના ખેડૂતો-**404
- **ગામમાં પશુધન-**374 (ગાય, ભેંસ, બકરાં)
- **ગામનો ભૌગોલિક વિસ્તાર-**275 હેક્ટર, 47 આરે
- **પ્રાથમિક શાળા-**1
- **આશ્રમશાળા-**1
- **સરકારી માધ્યમિક શાળા-**1
- **પ્રાથમિક અને માધ્યમિક સેલ્ફ શાળા-**1
- **પોસ્ટ ઓફિસ-**1
- **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-**1
- **ગામમાં ધાર્મિક સ્થળ-**4 (3 મંદિર અને 1 મસ્જિદ)
- **કૃષિવિષયક ધિરાણ મંડળી-**1

કબીર મંદિર પાટ



પાટ ગ્રામ પંચાયત કચેરી

